| GJSK040020752023 | | |
|---|---|---|
| | આંક | |
| | કેસ દાખલ તા: | ૦૩/૦૪/૨૦૨૩ |
| | કેસ રજી. તા: | ૦૩/૦૪/૨૦૨૩ |
| | કેસ ફેસલ તા: | ૧૨/૦૬/૨૦૨૬ |
| | સમય ગાળો: | ૩ વર્ષ–૨ માસ–૯ દિવસ |
| | | |

**ઈડરના મે.એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ફોજદારી કેસ નં.૧૯૦૩/૨૦૨૩**

**ફરીયાદી :– શ્રી સરકાર.**

**વિરુધ્ધ**

**આરોપીઓ :– મીલનભાઈ વાઘજીભાઈ મોડીયા**
**રહે. ઢીંચણીયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા**

**ગુન્હો :– <u>પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબ.</u>**

---

**સરકારશ્રી પક્ષ તરફે** :– વિ.વ.શ્રી પી.બી.દવે.
**આરોપીઓ તરફે** :– –

---

**<u>–:ઠરાવ:–</u>**

**૧.** આરોપી સામે ફરીયાદ પક્ષના કેસની વિગત એવી છે કે,આ કામના આરોપીએ તા. ૨૩/૦૩/૨૦૧૯ ના ક. ૦૮:૪૫ વાગે મોજે ઢીંચણીયા ગામે પોતાના ખેતરમા પોતાની પ્રોહી પ્રવૃત્તિ વાળી જગ્યાએ સીન્ટેક્ષના ટાંકા નંગ એકમા દેશી દારૂ ગાળવાનો ગોળ તથા મહુડાનો વોશ લીટર ૩૦૦ રાખી કિ.રૂ. ૬૦૦ નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો કરેલ. જેથી આરોપી સામે પ્રોહી.એકટની કલમ–૬૫–(ઈ) મુજબની ફરીયાદ આપવામાં આવેલ. જેની તપાસ ના અંતે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્ઝશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીઓવિરૂધ્ધ સમન્સ–વોરંટ તથા જામીનદાર ને નોટીસ કાઢવા છતાં આરોપીઓ હાજર રહેલ નથી.આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવવાની શકયતા ન હોઇ સી.આર.પી. કલમ–૨૯૯ની જોગવાઇ ધ્યાને લઇ આરોપીઓની ગેરહાજરીમાં હાલની ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ તેથી આરોપીઓનુ નીવેદન લેવામાં આવેલ નથી.

૩. ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ ગોપાલભાઇ પ્રવિણભાઇ ધ્રાંગીની જુબાની | ૨ |
| ૨. | પંચ સાહેદ પ્રકાશભાઇ વજાભાઇ મોડીયાનીજુબાની | ૪ |

(બ) **દસ્તાવેજી પુરાવો** :–

| આંક | વિગત |
|---|---|
| ૫ | પંચનામુ |
| ૩ | અસલ ફરીયાદ |

ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું મૌખિક જાહેર કરેલ છે.

૪. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવાના તબકકે આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૯૯ અન્વયે આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવાનો હુકમ થયેલ હોઇ વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

૫. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળી.

૬. સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપિસ્થત થાય છે.

**<u>મુદ્દાઓ :–</u>**

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા. ૨૩/૦૩/૨૦૧૯ ના ક. ૦૮:૪૫ વાગે મોજે ઢીંચણીયા ગામે પોતાના ખેતરમા પોતાની પ્રોહી પ્રવૃત્તિ વાળી જગ્યાએ સીન્ટેક્ષના ટાંકા નંગ એકમા દેશી દારૂ ગાળવાનો ગોળ તથા મહુડાનો વોશ લીટર ૩૦૦ રાખી કિ.રૂ. ૬૦૦ નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી ગુન્હો કરેલ. જેથી આરોપી સામે પ્રોહી.એકટની કલમ–૬૫–(ઈ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**(૨)** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં.૧</u> :**

૮. સદર મુદ્દાની સાબિતીનો બોજો પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ પર હોય ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં રજુ મૌખિક પુરાવો બચાવપક્ષની ઉલટતપાસ સહિત ધ્યાને લેતાં તથા દસ્તાવેજી પુરાવો તથા બન્ને પક્ષે રજુ દલીલો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં પુરાવો જોતાં, ફરીયાદીએ તેમની ફરીયાદમા જણાવેલ છે કે, આ કામના આરોપીએ તા. ૨૩/૦૩/૨૦૧૯ ના ક. ૦૮:૪૫ વાગે મોજે ઢીંચણીયા ગામે પોતાના ખેતરમા પોતાની પ્રોહી પ્રવૃત્તિ વાળી જગ્યાએ સીન્ટેક્ષના ટાંકા નંગ એકમા દેશી દારૂ ગાળવાનો ગોળ તથા મહુડાનો વોશ લીટર ૩૦૦ રાખી કિ.રૂ. ૬૦૦ નો રાખી મળી આવી પંચનામાની વિગતે પંચો રૂબરૂ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ અને આંક–૩ થી રજુ ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે પરંતુ આ કામે વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે વાહનનો નંબર તે ફરીયાદમાં જણાવેલ ન હોવાનુ તેમજ બનાવ સ્થળ જાહેર વિસ્તાર હોય બનાવવાળા સ્થળેથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતાં આ કામે પોલીસ સાહેદો સિવાય સ્વતંત્ર સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ

આ કામે ફરીયાદપક્ષ તરફે આંક–ર થી પંચ સાહેદ ગોપાલભાઇ પ્રવિણભાઇ ધ્રાંગી તથા આંક–૪ થી પંચ સાહેદ પ્રકાશભાઇ વજાભાઇ મોડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.સદર પંચ સાહેદો આંક–પ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાંની હકીકતને સમર્થન કરતા નથી. એ સંજોગોમાં આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ પંચોની હાજરીમાં પંચનામું કરી પ્રોહી. મુદ્દામાલ કબજે કરેલાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. એ સંજોગોમાં આ કામે તપાસવામાં આવેલ પંચો જયારે ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ જ પુરાવો રજુ રાખતા ન હોય,નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવેલ છે.

2016 (4) GLR 3159
THE STATE OF GUJARAT
VS
YADVENDRASING SARDAR SURJITSING JAT (SHIKH) &

*"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper."*

આમ, જયારે આ કામે માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદો છે અને તેઓ પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ આ કામે પોલીસ સાહેદનો જો પુરાવો નોંધવામાં આવે તો પણ તેઓના પુરાવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ પકડાયેલ પ્રોહી.મુદ્દામાલ બાબતે શંકા ઉદભવે છે.આમ,ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે

પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી **મીલનભાઇ વાઘજીભાઇ મોડીયા, રહે. ઢીંચણીયા, તા. ઇડર, જિ. સાબરકાંઠા** નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨. સદર ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ મુદ્દામાલ વાહન અંગે અગાઉ જો કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અને જો હુકમ ન થયેલ હોય તો અપીલ સમય બાદ વાહનના માલીકીની ખરાઇ કરી મુળ માલીકને વાહન પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ અન્વયે આ કામના આરોપીએ રૂા. ૫,૦૦૦/–(રૂપિયા પાંચ હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨મી,માહે:જુન,સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૧૨/૦૬/૨૦૨૬

**( ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઇડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

**//R.N.P.//**